હિસાબ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ

E-mail:comptroller@aau.in Ph(0)+91-2692-263338 Fax: +91-2692-263162

વંચાણે લીધો :- સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:-તજર-૧૦૨૦૦૭-૧૩૨-ઝ તા:-૧૭/૦૯/૨૦૧૨.

પેન્શનરો જોગ, પેન્શનરોની નિયત કાલિક ઓળખનું પ્રમાણપત્ર રૂબરૂમાં રજુ કરવા બાબત...

# પરીપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતેથી પેન્શન મેળવતા તમામ પેન્શનરોને જણાવવાનુ કે, નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વાર્ષિક હયાતિ ખરાઈ કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા પેન્શનરોની વાર્ષિક હયાતિની ખરાઈની પધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૭૨ અને ૨૭૩માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ વંચાણે લીધેલ ઠરાવ મુજબ તમામ પેન્શનરોએ દર વર્ષે મે-મહિનામાં પેન્શન ચુકવણા અધિકારી/તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારી સમક્ષ રૂબરૂમાં હાજર થઈ સહી/અંગુઠાની છાપ કરી વાર્ષિક હયાતિની ખરાઈ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

ઠરાવની જોગવાઇ અનુસાર જો પેન્શનરો મે મહિનામાં હયાતિની ખરાઈ ન કરાવી શકે તો જૂન માસ સુધીની છૂટ આપવામાં આવે છે. જો છૂટનાં આ મહિના દરમ્યાન પણ પેન્શનર હયાતિની ખરાઇ કરવામાં નિષ્ફળ જાય તો તેવા પેન્શનરોના કિસ્સામાં માહે ઓગષ્ટ માસથી પેન્શનની રકમનું ચુકવણું સ્થગિત કરવાનું ઠરાવવામાં આવેલ છે.

પેન્શનરોની વાર્ષિક હયાતિ ખરાઇ કરવા બાબતે તમામ પેન્શનરોને તેમજ સબંધિત એ સર્વેને જણાવવાનું કે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન આ તમામ માહિતી સરકારશ્રીને તા.૩૦-૦૬-૨૦૧૫ સુધીની સમય મર્યાદામાં મોકલવાની રહેતી હોઈ તે અગાઉ મળી જાય તે રીતે અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

આ પરિપત્ર નાણાં વિભાગનાં ઠરાવમાં થયેલ જોગવાઇ મુજબ જારી કરવામાં આવે છે.

હિસાબ નિયામક

બીડાણ – હયાતિનું ફોર્મ

જા.નં.આકૃયુ/એકા/પેન્શન(કેશ)/૧૪૯-૫૩ /૧૫
તા.૧૬/૦૪/૨૦૧૫

**નકલ સવિનય રવાના:-**

(૧). આણંદ ખાતેથી પેન્શન મેળવતા તમામ પેન્શનરો તરફ જાણ તથા પરિપત્રમાં થયેલ જોગવાઈ મુજબ અમલવારી થવા સારૂ.
(૨) મેનેજરશ્રી, સેન્ટ્રલ બેંન્ક ઓફ ઈન્ડીયા, એગ્રી ઈન્સ્ટીટ્યટ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ સદર પરિપત્ર નોટીસ બોર્ડ ઉપર મુકવા વિનંતી સહ.
(૩) મેનેજરશ્રી, સ્ટેટ બેંન્ક ઓફ ઈન્ડીયા, ડી.એન. હાઈસ્કૂલ પાસે આણંદ તરફ જાણ તેમજ સદર પરિપત્ર નોટીસ બોર્ડ ઉપર મુકવા વિનંતી સહ.
(૪) નિયામકશ્રી ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર, આ.કૃ.યુ., આણંદ તરફ સદર પરિપત્ર યુનિવર્સિટી વેબ સાઇટ ઉપર મુકવા સારૂ

**નકલ રવાના:-**

(૧) શ્રી બેચરભાઈ કે. પટેલ., ૧૩-સુન્દરમ પાર્ક સોસાયટી, જકાતનાકા બોરસદ રોડ, તા.જી.આણંદ તરફ જાણ સારૂ.

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

પી.પી.ઓ.નં.____________________

## હયાતીનો દાખલો

આથી હું નીચે સહી કરનાર પ્રમાણિત કરું છું કે,

શ્રી / શ્રીમતી____________________________________________

રહેઠાણનું પુરૂ સરનામુ____________________________________________

ઠેકાણું________________.મુ.પોષ્ટ________________ તાલુકો__________.જીલ્લો________________

પીન કોડ નંબર________________આજ રોજ મારી સમક્ષ રૂબરૂમાં હાજર રહયા છે અને તેમણે / તેણીએ રૂબરૂમાં નીચે પ્રમાણે સહી/અંગુઠાનું નિશાન કરેલ છે.

ટેલીફોન નંબર / મોબાઈલ નંબર______________________

**પેન્શનરની સહી.**

**અથવા અંગુઠાનું નિશાન**____________________

**અધિકારીની સહી**

**તેમજ હોદ્દાનો સિક્કો**

સ્થળ :-

તારીખ:- / / ૨૦૧૫

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

પુનઃ નિયુકિત અંગેનું પ્રમાણપત્ર :-

૧. આથી હું એકરાર કરું છું કે, પેન્શન/કુટુંબ પેન્શનની લેણી થતી રકમની મુદત દરમ્યાન કોઈપણ સંસ્થામાં, લોકલ ફંડમાં કે ભારતની કોઈપણ સરકાર તરફથી પૂર્ણ અથવા અંશતઃ નાણાંકીય મદદ મેળવતી હશે. તેમાં હું ભરતી થયેલ નથી. તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં પુનઃનિયુકિત પામેલ નથી.

૨. હું વધુમાં જાહેર કરું છું કે, હું________________________તરીકે તારીખ____________________થી પુનઃનિયુકિત થયેલ છું અને જેથી કામચલાઉ વધારાની માંગણી કરેલ નથી.

૩. વારસદાર તરીકે આજ રોજ મારી ઉમર ૨૫ વર્ષની થઈ ગયેલ નથી / છે. તેમજ મે લગ્ન કરેલ નથી / છે. (ગ્રામ પંચાયત/તલાટી દાખલો રજુ કરવો.)

૪. મેં આજદિન સુધી પુનઃલગ્ન કરેલ નથી / છે. (મારી ઉમર ૫૦ વર્ષ કરતા ઓછી હોઈ/ પુનઃલગ્ન કરેલ નથી તે અંગેનો મામલતદાર/ગ્રામ પંચાયત/તલાટીનો દાખલો રજુ કરવો.

તારીખ :- / /૨૦૧૫

પેન્શનરની સહી____________________